ઈલેક્ટ્રોનિક ક્રાંતિ - ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે ત્યારે દેશના વિવિધ ભાગોમાંથી ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે આધુનિક મશીનરી અને ટેકનોલોજી પ્રદાન કરતી વિવિધ કંપનીઓના પ્રદર્શનનું આયોજન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ટેકનોલોજી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને યુવાનોએ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી વિશેની માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. (તસવીર : દિપક જાની)

ખૂણે... ...ખાંચરેથી

- શ્રાવણ માસના અંતિમ ચરણમાં શ્રાવણી પૂજન અર્ચનની પૂર્ણાહુતિના કાર્યક્રમો ઠેર ઠેર યોજાઈ રહ્યા છે.
- આગામી ૧૧મી સપ્ટેમ્બરે વિવેકાનંદ દિગ્વીજય દિવસે ગાંધીનગરમાં વિવેકાનંદ પરિક્રમા યોજાશે.
- કલ્ચરલ ફોરમના 'દિકરો મારો લાજવાબ' નાટકના શૉ રવિવારે પૂરા થશે અને સોમવારથી આર્ટલવર્સ 'તો રહેજે મારા વગર' નાટકના શૉ આરંભાશે.
- ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા આજે પથિકાશ્રમ ખાતે મોંઘવારી વિરોધી દેખાવો યોજાયા હતા.
- ગાંધીનગર શહેર ઝોન-૨ની કોંગ્રેસ કચેરીનું આજે સે-૩૦ ખાતે શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલે ઉદઘાટન કર્યુ છે.
- છેલ્લા બે દિવસથી જિલ્લા તંત્ર સતત મિટીંગોમાં વ્યસ્ત બન્યું છે.
- શહેરમાં ગણેશ ચતુર્થીના ઉત્સવની ઉજવણી માટેની તૈયારીઓ આરંભાઈ ચુકી છે.
- ગાંધીનગર શહેરમાં ચિનકગુનિયાના કેસો નવા નવા સેક્ટરોમાં નોંધાઈ રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધવા પામી છે.
- કંથારપુરના પ્રસિધ્ધ વડનું નામ મહાકાળીધામ વડ નામાભિધાન કરાયું છે.
- સપ્ટેમ્બર મહિનો તંત્ર માટે દોડધામનો માસ બની રહેશે. આ મહિનામાં શિક્ષક દિન, એગ્રો વાયબ્રન્ટ સમીટ અને ગરીબ કલ્યાણ મેળાના આયોજનો છે. આ ઉપરાંત પણ ખેલ મહાકુંભ તેમજ સરકારી કાર્યક્રમો તો ખરા જ.

અસરગ્રસ્ત હોવાનો તરકટ કરીને છેતરતી યુવતીઓ

કુદરતી આપત્તિમાં ઘર-બાર ગુમાવી દીધાનું નકલી કાગળ બતાવીને રસ્તા વચ્ચે ઉભા રહી જઈ વાહનચાલકો પાસેથી રૂપિયા પડાવવાની નવી પદ્ધતિ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરવાસીઓ પાસેથી અલગ-અલગ પદ્ધતિઓનો ઉપયોગ કરીને રૂપિયા ઉઘરાવતા લોકો તથા ભિક્ષુકો નજરે ચઢે છે. હવે કેટલીક યુવતીઓની ગેંગ ગાંધીનગર પેધી પડી છે. પોતે કુદરતી આપત્તિમાં ઘર-બાર ગુમાવીને અસરગ્રસ્ત બની હોવાનું નકલી કાગળ લઈને રસ્તા વચ્ચે ઉભી રહી જાય છે અને વાહનચાલકોને ઉભા રાખીને કાગળ બતાવી સહાયની માંગણી કરીને ૧૦૦-૨૦૦ રૂપિયા પડાવી લે છે અને પાટનગરવાસીઓને છેતરે છે.

સુમનસીટી સે. ૧૧ ખાતેના કોમર્શીયલ કોમ્પલેક્ષના પાર્કિંગમાં આ યુવતીઓ ઉભી હતી અને ત્યાંથી પસાર થતા એક જાગૃત યુવાનને તેણે આ જ પદ્ધતિથી છેતરવાની કોશીષ કરી...! યુવકે આખુ કાગળ ધ્યાનથી વાંચ્યુ તો તેમાં અંગ્રેજીમાં લખ્યુ હતું કે તેઓ રાનીપુર ગામની વતની છે અને કુદરતી આપત્તિમાં તેમનું ઘર અને પરિવાર ગુમાવી ચુકી છે. જાગૃત યુવકે રાનીપુર ક્યાં આવ્યું ? પ્રશ્ન કરતા તે થોથવાઈ હતી. બે-ચાર પ્રશ્નો વધુ કરતા પકડાઈ જવાના ડરે ત્યાંથી ભાગી ગઈ હતી અને આસપાસમાં ફરતી અન્ય ત્રણ યુવતીઓને પણ બુમ પાડીને બોલાવી લઈ જગ્યા છોડી દીધી હતી. આ નવી પદ્ધતીથી યુવતીઓ પાટનગરવાસીઓને છેતરવા ફરી રહી છે અને રૂપિયા પડાવી રહી છે.

આજકાલમાં ડહોળા પાણીની સમસ્યા ઉકલશે

કેનાલમાં પાણીનું લેવલ ઘટતા ડહોળા પાણીની સમસ્યા હલ થશે : પાણીમાં ફટકડીની માત્રા જરુરી પ્રમાણમાં વધારી દેવાઈ

ગાંધીનગર, તા.૩૧

શહેરમાં છેલ્લા બે દિવસથી ડહોળું પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે. આજે પણ સેકટરોમાં ડહોળુ પાણી આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે કેનાલમાં પાણીનું લેવલ ઘટતા તંત્ર કક્ષાએથી પાણીમાં ફટકડીની માત્રા વધારી દેવાઈ છે.જેના લીધે એકાદ દિવસમાં આ સમસ્યા હલ થઈ જશે તેમ પણ જણાવાયું છે.

નગરમાં છેલ્લા બે દિવસથી ઘરે ઘરે નળમાં આવતું ડહોળું પાણી નગરજનો માટે સમસ્યારૂપ બન્યું છે. જયારે પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાતા નગરજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. બીજી તરફ ડેમ ઓવર ફલો થતા નર્મદા કેનાલમાં પાણીનું સ્તર ઉંચુ આવતા ડહોળા પાણીની સમસ્યા ઉદભવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આવા સંજોગોમાં પાણી શુધ્ધિકરણની પ્રક્રીયા તેમજ પ્લાન્ટની ક્ષમતા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આજે પણ સેકટરોમાં ડહોળુ પાણી આવ્યું હોવાની ફરિયાદો યથાવત રહી હતી. જો કે નળમાંથી આવતા ડહોળા પાણીની સમસ્યા એકાદ દિવસમાં હલ થઈ જશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

બંધ આવાસોના વીજબીલ વર્ષે રૂ. ૬.૪૮ લાખ

૧૮૦૦ જેટલા બંધ સરકારી આવાસોનું વીજ બીલ ચુકવવું પડે છે : ૧૫૦ કિસ્સામાં અગાઉના કબજેદારોએ બીલ ન ચુકવતા જોડાણ કાઢવાના પગલા લેવાયા છે!

ગાંધીનગર, તા.૩૧

શહેરના બંધ સરકારી આવાસોના વિજ બીલ પાછળ સરકારે પ્રતિવર્ષ રૂ. ૬.૪૮ લાખનો ખર્ચ માથે લાઈટબિલ ભરપાઈ કર્યા વગર આવાસ ખાલી કરી દીધું હોય તેવા ૧૫૦ કિસ્સામાં લાઈટનું જોડાણ કાપી નાંખવા સુધીના પગલા લેવાયા છે.

રૂ. ૫૦ થી લઈ ૫૦ હજાર સુધી વીજબીલ ચુકવાય છે!

શહેરમાં એક બાજુ બંધ સરકારી આવાસો પાછળ વાર્ષિક લાખો રૂપિયાના વીજબીલનો આર્થિક બોજો વેઠવો પડે છે. જયારે રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં પણ એ.સી. સહીતના આધુનિક ઉપકરણોનો ઉપયોગ વધતા રૂ. ૫૦થી લઈ ૫૦હજારના વીજબીલની ચુવકણી થતી હોવાનું પણ ધ્યાને આવ્યુ છે. જેમાં રહેણાંક વિસ્તારમાં આટલું તોતિંગ વીજબીલ ભરપાઈ થતું હોવાના પણ અનેક કિસ્સા છે!

વેઠવો પડે છે. શહેરમાં ૧૮૦૦ જેટલા મકાનો બંધ હાલતમાં છે જયારે અગાઉ મકાનના કબજેદાર પાટનગરમાં હાઈટેક વિકાસના અંતે પાયાની જરુરિયાતોનો વપરાશ વધ્યો છે. હાઈટેક બનતા શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી આવાસો અને કોર્પોરેટ કચેરીઓની સાથે હાઈરાઈઝ બિલ્ડીંગો વધતા પાણી અને વીજવપરાશનું પ્રમાણ દીન પ્રતિદિન વધ્યું છે. શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં વિજળીબીલની રકમનો આંક વધતો જાય છે. નગરના વિવિધ સેકટરોમાં ૧૬,૩૦૦ જેટલા જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે. જયારે આ પૈકી ૧૮૦૦ જેટલા મકાનો બંધ હાલતમાં છે. દાયકાઓ જૂના આવાસો એક યા બીજી રીતે ખર્ચાળ સાબિત થયા છે. ત્યારે રહેણાંકના ઉપયોગમાં લેવાના આવાસો ઉપરાંત બધ મકાનો પાછળ પણ સરકારે તોતિંગ ખર્ચ વેઠવો પડે

● અનુસંધાન પાન-૭ પર

પ્રતિવર્ષ ૮ મેગાવોટનો વપરાશ વધે છે!

હાઈટેક બનતા ગાંધીનગરમાં વીજવપરાશનું પ્રમાણ વધતા વીજળીની જરુરીયાતને યોગ્ય રીતે સંતોષવા ૧૩૨ કે.વી. લાઈનનું કામ પ્રગતિ હેઠળ છે. સરકારી આવાસો, ખાનગી રહેણાંક તેમજ તોતીંગ સરકારી ઈમારતો અને કોમર્શિયલ સેક્ટર વિકસિત થતા વીજ વપરાશનું પ્રમાણ પ્રતિવર્ષ વધતું જાય છે. હાલ અંદાજિત ૫૫ મેગાવોટનો વીજ વપરાશ છે જયારે પ્રતિવર્ષ ૮ મેગાવોટનો વપરાશ વધે છે.

નવા સચિવાલયમાં દર મહીને અડધા કરોડનો વીજ વપરાશ

શહેરમાં સ્થિત રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર ઉપરાંત વિશાળકાય સરકારી બિલ્ડીંગમાં ધમધમતી કચેરીઓનું વીજળી બીલ પણ સામાન્ય માણસને અચંબામાં મુકી દે તેટલું અધધ છે! નવા સચિવાલયના બિલ્ડીંગમાં સ્થિત હાઈટેક સરકારી કચેરીઓમાં પણ એ.સી. કોમ્પ્યુટર અને લાઈટ-પંખા સહીતના ઉપકરણો ધમધમતા હોવાથી નવા સચિવાલયના બિલ્ડીંગમાં ઉજાસ પાથરવા પ્રતિમાસ અડધા કરોડનું લાઈટ બિલ ચુકવાય છે.

જિલ્લામાં ૨૫ કેન્દ્રો પર આજે ટેટ-૨ની પરીક્ષા લેવાશે

૬૯૦૫ શિક્ષકો વિવિધ વિષય આનુષાંગિક પરીક્ષા આપશે : તંત્ર દ્વારા સ્કોવોર્ડ ટીમની પણ રચના

ગાંધીનગર, તા. ૩૧

આજે યોજાનારી ટેટ-૨ની પરીક્ષામાં ૬૯૦૫ પરીક્ષાર્થીઓ હાજરી આપશે. જિલ્લામાં વિવિધ ૨૫ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જયારે પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ કેન્દ્રો પર સ્કોવોર્ડની ટીમ રાઉન્ડ લેશે.

અગાઉ લેવાયેલી એચ ટાટની પરીક્ષા બાદ તા. ૧ સપ્ટેમ્બરના રોજ

● અનુસંધાન પાન-૭ પર



દુઃખદ અવસાન / બેસણું

[illegible]

ભમરા જાડેજા પરિવાર - મહોલવાડા, મોરબી

કડવા પાટીદાર બેસણું

શિહોરી ભૂપેન્દ્ર સૂર્યકાન્ત પટેલના ધર્મપત્ની **અ.સૌ. પ્રવિણાબેન**નો અક્ષરવાસ તા. ૩૧/૮/૨૦૧૩, શનિવારના રોજ થયેલ છે અને તેઓ પરભવની સખીઓ લાડુબા તથા જીવુબાની સંગાથે મહારાજશ્રીના અક્ષરધામમાં ભક્તિમાં લીન થયા છે. જે પ્રશાંતકુમાર પટેલ(ટેક્ષ કન્સલ્ટન્ટ))ના માતુશ્રી થાય.

સદ્‌ગતનું બેસણું તા. ૧/૯/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ કલાકે સૌરાષ્ટ્ર કડવા પાટીદાર જ્ઞાતિનો હોલ, સેક્ટર-૧૨ (બલરામભવન પાછળ), ગાંધીનગર ખાતે રાખેલ છે.

લી.

ભૂપેન્દ્ર સૂર્યકાન્ત પટેલ / **પ્રશાંત ભૂપેન્દ્ર પટેલ**
અશ્વીન સૂર્યકાન્ત પટેલ / **સીમા પ્રશાંત પટેલ**
વિપીન સૂર્યકાન્ત પટેલ / **રાજીવ શાંતિલાલ પટેલ**
કાનન રાજીવ પટેલ

મનપાના પ્રોપર્ટી ટેક્ષના બિલોમાં ભારે છબરડા : પ્રવિણ પટેલ

ભુલો સુધારણાનું તંત્ર ગોઠવવા તેમજ વેરા-વસુલીની ફરિયાદોના નિરાકરણ માટે અધિકારી નિમવા માંગ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાના પ્રોપર્ટી ટેક્ષના બિલોમાં અસહ્ય છબરડાઓને લઈ સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવીણ પટેલે એક પત્ર લખી ભૂલો સુધારણાનું તંત્ર ગોઠવવા તેમજ વેરા-વસુલી ખાતે ફરિયાદોના નિરાકરણ માટે વર્ગ-૨ના અધિકારીની તાકીદે નિમણુંક કરવા માંગ કરી છે.

શ્રી પ્રવિણ પટેલે મ્યુનિ. કમિશનરશ્રીને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે ગત વર્ષે તંત્રને ફરિયાદો મળી ત્યારે તુરત જ સભ્યોની સમિતિ બનાવી હતી અને ઉકેલની દિશામાં કાર્યવાહી કરાઈ હતી પરંતુ તંત્ર દ્વારા પુનઃ ભૂલો દોહરાવવામાં આવી છે તે અસહ્ય છે.

તેમણે જણાવ્યુ છે કે આ ભૂલભરેલા બિલો જોતા એવુ ચિત્ર ઉપસે છે કે તંત્ર કામગીરી કરતુ જ નથી. ઘણી મિલ્કતોની આકારણી પણ હજુ સુધી કરવામાં આવી નથી. ત્રણ વર્ષના બિલો મિલ્કતધારકોને મળ્યા નહિ હોવાની હકીકતો અંગે પણ તપાસ માંગી લેનારી છે.

શ્રી પટેલે જણાવ્યું છે કે આકારણી બાબતે ઘણી ગંભીર ભૂલો છે. અગાઉ પણ સામાન્ય સભામાં આ બાબતે વારંવાર રજુઆત કરવામાં આવેલ હતી, ફરીથી સર્વે કરી અને ગાંધીનગર સહેરમાં ચોકસાઈ પૂર્વક આકારણી થાય અને ગાંધીનગરના નગરજનોને પોતાની પ્રોપર્ટીના ટેક્ષમાં ક્ષતિઓનું નિરાકરણ આવે જેવી કે... નામમાં ભુલ, પ્લોટ નં. ભુલ, એક નામે બે બીલ, રહેણાંકમાં જુદા જુદા પરિબળોમાં પણ ભુલ અને જેમની આકારણી નહોતી થઈ તેઓએ સામેથી કોર્પોરેશનમાં જાણ કરી છતાં કોર્પોરેશને બીલ ન આપેલા અને આ વર્ષે કોર્પોરેશને બીલ બનાવી જુના બીલોમાં દંડની આકારણી કરી ચાલુ વર્ષે આપેલ છે. જે વહીવટી

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

ગણપતિ બાપા મોરિયા.... - આગામી સપ્તાહમાં ગણપતિ બાપાની સવારી આવી રહી છે... કૃષ્ણ જન્મોત્સવનો ઉલ્લાસ હજુ તો સમાજ પર છવાયેલો છે ત્યાં જ ગણેશોત્સવની તડામાર તૈયારીઓ આરંભાઈ છે... બજારમાં પણ ગણપતિજીની વિવિધ મુદ્રાવાળી મૂર્તિઓ વ્યાપક સંખ્યામાં ઉપલબ્ધ બની છે... ઘરે-ઘરે અને ગલીએ ગલીએ ગણેશોત્સવની ઉજવણી થાય છે ત્યારે આગામી ૯મી સપ્ટેમ્બરથી ૧૧ દિવસ ગણપતિ ઉત્સવ ઉજવાશે...

જોઈએ છે

ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે મેડીકલ ઓફીસર (MBBS) અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે તા. ૧૧/૯/૨૦૧૩ બુધવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે રૂબરૂ મળો.

સેક્રેટરીશ્રી : શેઠ એન.એન. સાર્વજનિક હોસ્પિટલ,
રાંધેજા, તા. જી. ગાંધીનગર

સહી/- સેક્રેટરી
શેઠશ્રી એન.એન. સાર્વજનિક હોસ્પિટલ
અને શ્રીસંતોકબેન ગીરધરલાલ પ્રસુતિ ગૃહ,

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com